ગાંધીનગર સમાચાર

જિલ્લામાં ૧૦૨ બાળકો હૃદયની અને ૨૧ કિડનીની બિમારીથી પીડાય છે

ADMISSIONS OPEN @ THE FASTEST GROWING SCHOOL IN GUJARAT
K.G. TO STD 12 (GUJARATI & ENGLISH MEDIUM)
SAHJANAND SCHOOL OF ACHIEVER
બસ તથા હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
દહેગામ, નરોડા તથા ગાંધીનગરથી માત્ર ૧૦ કી.મી.ના અંતરે
AFFILIATED BY G.S.E.B.
Sahjanand School of Achiever, Chiloda
NEAR ESSAR PETROL PUMP,
CHILODA-HIMMATNAGAR HIGHWAY
SHIHOLI MOTI, CHILODA, GANDHINAGAR
70 43 60 60 60
SINCE 2007
ધોરણ ૯ (ગુજરાતી માધ્યમ) તથા ધોરણ ૧૧-૧૨ (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ)માં સીટો ભરાઈ ગઈ હોવાથી આ ધોરણોમાં એડમિશન મળી શકશે નહિ.

રાજ્યનું ૨૧મી ફેબ્રુઆરીએ અંદાજપત્ર

રૂપાણી સરકારના પ્રથમ બજેટમાં નાણાંકીય સ્ત્રોતોમાં થનારા ફેરફાર પર સૌની મીટ મંડાયેલી છે : રાજ્યપાલના પ્રવચન માટે રાજ્યમંત્રી મંડળની પેટા સમિતિ : નવી યોજનાઓ અંગે સસ્પેન્સ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાનું અંદાજ પત્ર સત્ર ૨૦મી ફેબ્રુઆરીથી શરૂ થશે જે ૩૧ માર્ચ સુધી ચાલશે. આ સત્ર દરમ્યાન બે દિવસ બે બેઠકો યોજાશે જ્યારે વિભાગોની માંગણીઓપર ૧૨ દિવસ ફાળવવામાં આવ્યા છે. ૨૧મી ફેબ્રુઆરીએ ૨૦૧૭-૧૮નું બજેટ રજુ થશે.

આ વખતનું અંદાજપત્ર સત્ર વિશેષ મહત્વ ધરાવે છે. સરકાર તેના આર્થિક ભારણને પહોંચી વળવા માટે કેવા મહત્વના ફેરફારો આવકના સ્ત્રોતમાં કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. વેટના અમલીકરણને કારણે રાજ્યની આવકના અંદાજોમાં શુ ફેર પડશે તે પણ મહત્વનું સાબિત થશે.

અંદાજપત્ર સત્રનો પ્રારંભ રાજ્યના રાજ્યપાલશ્રીના પ્રવચનથી થશે. આ પ્રવચન તૈયાર કરવા માટે રાજ્ય મંત્રી મંડળની એક પેટા કમિટીની રચના કરવામાં આવી છે. આ પ્રવચનમાં સરકારના કામકાજના લેખા જોખા ઉપરાંત આ વર્ષે હાથ ધરાનાર મહત્વના કાર્યક્રમોનો નિર્દેશ કરનારૂ હશે તેમ મનાઈ રહ્યુ છે.

નવા નિયમો સાથે અંદાજપત્ર રજુ થવાનુ છે અને રાજ્યના નાણાંમંત્રી તરીકે નીતિનભાઈ પટેલ ગૃહમાં બીજીવાર અંદાજપત્ર રજુ કરનાર છે. આ બજેટ ફુલગુલાબી રહેશે કે કેમ તેને લઈ પણ રાજકીય વર્તુળોમાં અટકળો ચાલી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેન્દ્ર સરકારના પગલે રાજ્ય સરકાર પણ એફ.ડી.આઈ. દ્વારા નાણાં મેળવી અને રાજ્યની વિકાસકૂચને નવા વળાંકે લઈ જશે. રાજ્ય સરકાર દ્વારા એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક, વિશ્વબેંક તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી સહાય મેળવવા માટે આગળ વધશે.

રાજ્યમાં ફિક્સ પગારના કર્મીઓના પગારમાં વધારો કરતાં ૧૩૦૦ કરોડના થનારા બોજ ઉપરાંત પે પેકેટમાં થનારા વધારાને પહોંચવા શુ કરે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. સરકાર કરકસરની નીતિનો કેટલો અમલ કરશે તે પણ પ્રશ્નાર્થ છે કારણ કે ચૂંટણીનું વર્ષ હોઈ નવી યોજનાઓ પણ જાહેર કરશે જ્યારે કેટલીક યોજનાઓમાં કામ મૂકે છે તેના પર પણ સૌની નજર મંડાયેલી છે.

નાણાં વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઘણા બધા વિભાગો તેમને ફાળવવામાં આવેલી રકમો વાપરવામાં નિષ્ફળ રહ્યા છે. બજેટની જોગવાઈના ૬૦ થી ૬૫ ટકા જેટલી જ રકમ ખર્ચવામાં આવી છે.

ઠંડીની મોસમનો વિચિત્ર મિજાજ : સપ્તાહમાં લઘુત્તમ તાપમાનમાં ૯ ડીગ્રીની ચઢ-ઉતર

છેલ્લા એક અઠવાડીયાથી લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળતા નગરજનો સુસ્તીનો ભોગ : ઉત્તર ભારતમાં ભારે બરફ વર્ષાના એંધાણ : રાજસ્થાન , યુ પી , પંજાબ હરિયાણા સહીત ગુજરાતમાં પણ મૌસમની વિપરિત અસર જોવા મળશે

ગાંધીનગર તા ૨૨

છેલ્લા એક સપ્તાહથી શિયાળાની મૌસમનો વિચિત્ર મિજાજ જોવા મળી રહયો છે. ઠંડીના પારાની નોંધપાત્ર ચઢઉતર વચ્ચે દર બે દિવસે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળે છે. સપ્તાહ દરમિયાન લઘત્તમ તાપમાનમાં ૯ ડી ગ્રીની વધઘટ જોવા મળી છે. લઘુત્તમ તાપમાન ૭.૫ થી ૧૬ ડી ગ્રી વચ્ચેના ચઢાવ ઉતારમાં રહેતા નાગરિકો પણ સતત બદલાતા વાતાવરણની અસરથી સુસ્તી અનુભવી રહયા છે. હવામાનના નિષ્ણાંતોના મતે આગામી દિવસોમાં ઉત્તર ભારતમાં ભારે બરફ વર્ષા થવાની સંભાવના છે. જેના પરિણામે ગુજરાત સહીત દેશના અન્ય રાજયમાં પણ મૌસમની વિપરિત અસર જોવા મળશે.

શિયાળાની કડકડતી ઠંડીની ઋતુ આમ તો તબિયત બનાવવા માટે શ્રેષ્ઠ મનાય છે. શિયાળાની ગુલાબી ઠંડીમાં તંદુરસ્તી નિખરે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શિયાળાની મૌસમના વિચિત્ર મિજાજથી નગરજનો સુસ્તીનો ભોગ બન્યા છે. જયારે આરોગ્ય પર મોસમની વિચિત્રતાના લીધે વિપરિત અસર જોવા મળી રહી છે. ગત દિવસોમાં લઘુત્તમ તાપમાન ૭.૫ સુધી નીચે ઉતરી જતા મોસમની સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી. જયારે સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડુ શહેર હોવાનુ પણ સ્પષ્ટ થયુ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૧૦૨ બાળકો હૃદયની અને ૨૧ કિડનીની બિમારીથી પીડાય છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૦૨ બાળકો હૃદયની બિમારી ધરાવતા, ૨૧ બાળકો કિડનીની બિમારીધરાવતા તેમજ ૭ બાળકો કેન્સર જેવી ગંભીર બિમારી ધરાવતા મળી આવતાં આરોગ્ય તંત્ર હચમચી જવા પામ્યુ છે.

રાજ્ય સરકાર દ્વારા શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં આ હકીકતો બહાર આવવા પામી છે. હૃદય, કિડની, કેન્સર જેવી બિમારી ધરાવતા બાળકોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે જે ચિંતાજનક છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ત્રણ લાખથી વધુ બાળકોની ચકાસણી થઈ ગઈ છે. જેમાં ૨૦,૨૦૫ જેટલા બાળકો નાની-મોટી બિમારી ધરાવતા મળી આવ્યા છે. આ પૈકી ૧૯ હજાર બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે. જ્યારે ૯૦૦ જેટલા બાળકોને સંદર્ભસેવા માટે તજજ્ઞો પાસે મોકલવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લા પંચાયત માટે જગ્યા ફાળવવા માટે સરકારે નનૈયો ભણ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા મકાન માટે જમીન ફાળવવાના મુદ્દે રાજ્ય સરકારે વધુ એક વખત નનૈયો ભણતાં જિલ્લાના રાજકારણમાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતે સે. ૧૧માં કલેક્ટર કચેરીની પાછળના ભાગમાં ૧૦હજાર ચો.મી. જગ્યાની માંગણી સાથેની દરખાસ્ત મોકલી આપી હતી. જેને ન્યાયિક વિચારાધીન મામલાનો આશરો લઈ જમીન ફાળવણી કરી શકાય નહિ તેવો સ્પષ્ટ પત્ર રાજ્યના માર્ગ-મકાન વિભાગ તરફથી પંચાયતને મળી ગયો છે.

જમીન માટે બીજીવાર નનૈયો ભણવામાં આવતાં જિલ્લામાં રાજકીય સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. હવે પંચાયતનું આ જુનુ થયેલુ મકાન તોડી અને નવેસરથી બાંધકામ

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા પૂજ્ય બાપુજી **શ્રી ધનજીભાઈ ચૂંથાભાઈ મકવાણા** તા. ૨૨/૧/૨૦૧૭ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૩/૧/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૯ થી ૧ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૨૨૪/૧, સેક્ટર-૫/એ, ગાંધીનગર

જયશ્રીબેન જે. બેન્કર

હર્ષવર્દન જે. બેન્કર — હેતલબેન એચ. બેન્કર
ચંદ્રગુપ્ત જે. બેન્કર — દિપીકાબેન સી. બેન્કર
રાજેશકુમાર કે. ઉપાધ્યાય (જમાઈ) — રાજેશ્વરીબેન આર. ઉપાધ્યાય (દીકરી)

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંકની સહાય મેળવાશે

બેંકનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે : ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણાની મુલાકાત લેતુ પ્રતિનિધિ મંડળ

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના

માટે એશિયન ઈન્વેસ્ટમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક પાસેથી સહાય મેળવવા રાજ્ય સરકારે ગંભીરતાથી પ્રયાસો હાથ ધર્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બેંકને વાયબ્રન્ટ વેળાએ એક દરખાસ્ત રાજ્ય સરકારે ભારત સરકાર મારફતે રજુ કરી હતી. આ માટેની ચકાસણી અને અભ્યાસના હેતુ માટે છ સભ્યોનું એક પ્રતિનિધિ મંડળ હાલ ગુજરાતની મુલાકાતે છે.

આ પ્રતિનિધિ મંડળે આજે અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના રસ્તાઓના કામ તેમજ ઉભી થનારી આંતર માળખાકીય સુવિધા અંગે માર્ગોની મુલાકાત લીધી હતી. તેમણે ગ્રામજનોને પણ સાંભળ્યા હતા અને આનુ શુ મહત્વ છે તે સમજવા માટેના પ્રયાસો કર્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સોમવારે આ પ્રતિનિધિ મંડળ રાજ્યના માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ સાથે તાંત્રિક બાબતોને લઈ મહત્વની ચર્ચાઓ કરશે. આ પછી મંગળવારે રાજ્યના મુખ્ય સચિવ ઉપરાંત માર્ગ-મકાન મંત્રી તેમજ મુખ્યમંત્રીને મળી ચર્ચાઓ કરી મંગળવારે સાંજે જવા રવાના થશે.

આ પ્રતિનિધિ મંડળની ગુજરાતની મુલાકાતને અતિ મહત્વની લેખવામાં આવી રહી છે. જો આ સહાય પ્રાપ્ત થશે તો રાજ્યમાં સરકાર વિકાસ માટે અનેકવિધ પ્રોજેક્ટોમાં આગળ વધશે તેમ મનાઈ રહ્યુ છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

મંડપ કેટરીંગ લાઈટીંગ ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com